# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૩-૧૨-૨૦૨૪ શુક્રવાર                    સમય : સાંજે ૬:૨૫ કલાકે**

---

## સિંચાઈ વિભાગની સમીક્ષા બેઠક:

જીલ્લામાં નર્મદાના વધારાના એક મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવાના પ્રોજેક્ટ ના કામની સમીક્ષા માટે સિંચાઇ વિભાગના રાજ્યના અધિક સચિવ શ્રી ત્રિવેદીએ કચ્છ સિંચાઇ વિભાગ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

ખાસ કરીને કચ્છમાં ત્રણ લીન્ક કેનાલના કામો શરૂ થઇ ચૂક્યા છે અને પાઇપલાઇન વાટે કચ્છના હયાત જળાશયોને નર્મદાના પૂરના પાણીથી ભરવાના છે , એ પૈકી અંદાજે રૂા. 2 હજાર કરોડનાં કામો પ્રગતિમાં છે ત્યારે ચાલી રહેલી કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

અત્રે જણાવીએ કે, નર્મદાની મુખ્ય નહેરનું કામ પૂર્ણ થઇ ગયું છે અને પાણી મોડકુબા સુધી પહોચ્યા છે ત્યારે, બાકીનું એક મિલિયન એકર ફીટનું કામ કચ્છના સિંચાઇ વિભાગ હસ્તક છે.

- (NP, કલ્પના શાહ)

---

## નલિયા ખાતે માલગાડીનું આગમન:

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ત્રણ દાયકા જેટલા લાંબા સમયના વિલંબ બાદ આખરે માલગાડી ટ્રેનનું સત્તાવાર રીતે આગમન થયું હતું. પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા નલિયા રેલવે માર્ગને ગેજ પરિવર્તન , રેલવે ટ્રેકની ચકાસણી તેમજ આનુસંગિક સુવિધાઓની તમામ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી.

નલિયા રેલવે સ્ટેશન પર ગઈકાલે બપોરે ભુજથી 25 વેગન સાથેની માલગાડી પહોંચી હતી. જેમાં માલગાડીના 21 વેગનમાં સિમેન્ટ ભરીને ગાંધીનગર પાસેના અસાવરા રેલવે સ્ટેશન જવા રવાના થઇ હતી.. નલિયા રેલવે સ્ટેશન ખાતે માલગાડીનું આગમન થતાં આ વિસ્તારમાં ખુશીની લહેર ફેલાઈ હતી.

- (NP, કલ્પના શાહ)

---

## રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત કૃષિમેળા:

રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત જિલ્લાના ભચાઉ, અંજાર, ભુજ, માંડવી, નખત્રાણા ખાતે કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૃષિ મેળામાં અટલ ભુજલ યોજનાના તાલુકા દીઠ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. અટલ ભૂજલ યોજના અંગેના વિવિધ સાધનોના નિર્દેશન તેમજ પેમ્પલેટ દ્વારા આ યોજના હેઠળ થતી વિવિધ પ્રવૃત્તિઓથી લોકોને અવગત કરવામાં આવ્યા હતા. આ રવિ કૃષિ મહોત્સવમાં તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## બાળ આરોગ્ય ચકાસણી:

કચ્છ સહીત રાજ્યભરમાં આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલી બાળ આરોગ્ય ચકાસણી અંતર્ગત રાજ્યમાં ૧ હજાર ૧૫ બાળકોને હૃદય રોગની બીમારી, ૨૭૨ બાળકોને કીડની સંબંધિત બીમારી અને ૨૬૨ બાળકોને કેન્સરની બીમારી હોવાની વિગતો મળી છે.

તો, કચ્છ જીલ્લામાં હાથ ધરાયેલ બાળ આરોગ્ય ચકાસણીમાં જીલ્લાના ૩૬૪ બાળકોને હૃદય સંબંધી બીમારી, ૧૦૧ બાળકોને કિડનીની બીમારી અને ૨ બાળકોને કેન્સર હોવાની વિગતો મળી છે.

ભુજમાં સૌથી વધુ ૭૧ બાળકોમાં હૃદયની બીમારીના તો ૩૧ બાળકોમાં કિડનીની બીમારી, જયારે ૧ બાળકમાં કેન્સરની બીમારી જોવા મળી છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છ સહીત રાજ્યના ૧૨ વર્ષ સુધીની વયના ૧ કરોડ ૯૯ લાખ બાળકોને આરોગ્ય તપાસણી હેઠળ આવરી લેવાશે, જે પૈકીના ૧ કરોડ ૯૧ લાખ બાળકોના આરોગ્યને લગતી ચકાસણી પૂર્ણ કરી લેવામાં આવી છે.

- (NP, કલ્પના શાહ)

---

## કેમિકલ મોક એકસરસાઈઝ :

માનવ સર્જિત અને કુદરતી આપત્તિઓને પહોંચી વળવા અંગેના આગોતરા આયોજન માટે આજે ગાંધીધામ તાલુકાના કંડલામાં આવેલ વિવિધ ખાનગી ઔદ્યોગિક એકમો ખાતે એનડીએમએ અને જીએસડીએમએ દ્વારા કેમિકલ મોક એકસરસાઈઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, વિવિધ સરકારી વિભાગોના ૪૦૦ જેટલા અધિકારીઓ, અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ કવાયત દરમિયાન કોઈ કુદરતી કે માનવ સર્જિત આફતો જેવી કે, ભૂકંપ, વાવાઝોડું, પુર, આગ જેવી પરિસ્થિતિ સર્જાય તો, તે પરિસ્થિતિ પર ખુબ જ ઓછા સમયમાં કાબુ મેળવી ઓછામાં ઓછું નુકશાન થાય તે અંગે મોક ડ્રીલ યોજાઈ હતી.

- (અશરફ નથવાણી)

---

## ટપાલ વિભાગ-આધાર્કાર્ડ અપડેટ:

ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોને પોતાના આધાર કાર્ડ અપડેટ કરાવવા માટે શહેર સુધી ના જવું પડે તે માટે ટપાલ વિભાગે એક મોટું પગલું ભર્યું છે.

હવેથી દુર્ગમ ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો ટપાલ વિભાગની મદદથી ઈ-KYC કરાવીને પોતાના આધાર કાર્ડમાં જરૂરી ફેરફાર કરાવી શકશે.

- (RNU અમદાવાદ)

---

## ઠંડી:

દેશના ઉત્તરીય પહાડી વિસ્તારોમાં બરફ વર્ષાને પગલે જીલ્લામાં ઠારનો પ્રભાવ યથાવત રહ્યો છે. ઉત્તરાદા ઠંડા પવનોને પગલે દિવસભર ઠંડીનો અનુભવ થઇ રહ્યો છે.

છેલ્લા બે દિવસથી લઘુત્તમ ઉષ્ણતામાનમાં સામાન્ય વધારો થવા છતાં, ઠારનો પ્રભાવ વર્તાઈ રહ્યો છે. ત્યારે, લોકોને દિવસે પણ ગરમ વસ્ત્રોનો આશરો લેવો પડી રહ્યો છે. જીલ્લાના શીતમથક નલિયા ખાતે લઘુત્તમ ઉષ્ણતામાન ૮ ડીગ્રી રહ્યું હતું. તો, જીલ્લા મથક ભુજ ખાતે ૧૨, અને કંડલા ખાતે ૧૪.૪ ડીગ્રી સેલ્શીયસ લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયું હતું. જયારે, જીલ્લામાં મહત્તમ ઉષ્ણતામાન ૨૬ થી ૨૭ ડીગ્રીની આસપાસ રહ્યું હતું. હવામાન વિભા ગે આગામી સપ્તાહ સુધી ઠંડીનો પ્રભાવ યથાવત રહેશે તેમ જણાવ્યું છે.

- (NP, કલ્પના શાહ)

---

## રવિપાકમાં રોનક:

ભુજ તાલુકાના ખેતી અને પશુપાલન પર આધારિત પાવર પટ્ટી વિસ્તારમાં ચાલુ વર્ષે રવિ પાક તરીકે ઘઉં, રાયડો, ધાણા સહિતના પાકોનું વાવેતર થયેલ છે. તેમજ બારમાસી પાક એરંડાનો પણ મોટાપાયે વાવેતર થયેલ છે જેમાં ઠંડીની ચમકને કારણે નવી રોનક દેખાઈ રહી છે.

- (NP, કલ્પના શાહ)

---